અપીલ અરજી નં.૩૦૩ તા .૨૯–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભરતભાઈ સોમાભાઈ ઉમરીગર
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ સોમાભાઈ ઉમરીગરની તા. ૬–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) વેસુ ટી.પી.ર. ફાયનલ પ્લોટ નં. ૧૪૩ના કબ્જો મેળવતી વખતે રજુ કરેલ પુરાવાઓ, અન્ય ખેડુતની સંમતિપત્રક, નકશોની નકલ આપશો વિ.મુદ્દા નં. (૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૩/૨૦૧૧–૧૨

શ્રી ભરતભાઈ સોમાભાઈ ઉમરીગરની તા. ૬–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) વેસુ ટી.પી.ર. ફાયનલ પ્લોટ નં. ૧૪૩ ના કબ્જો મેળવતી વખતે રજુ કરેલ પુરાવાઓ,અન્ય ખેડુતની સંમતિપત્રક, નકશાની નકલ આપશો વિ.મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન (અઠવા) / આરટીઆઈ/આ.નં./૭૨૩ તા. ૧૭–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા નિર્દિષ્ટ ફાઈલનું નોંધ વિભાગ સહ ઈન્સ્પેકશન આપેલ કે કેમ ? તે જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૯૦૧ તા.૧૦–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને તપાસણી પશ્વાત જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ મુજબ નકલો ફી ભરી મેળવેલ છે કે કેમ ? તે અંગે તથા ફાઈલની નોંધ વિભાગ સહ તપાસણી મળેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૪–૧૦–૧૧ નો પત્ર, તા.૧૭–૯–૧૧ નો જાહેર માહિતી અધિકારીનો પત્ર, તા.૨૩–૯–૧૧ ના રોજ ઈન્સ્પેકશન અંગે કરેલ રોજકામની નકલ, દસ્તાવેજી ફી ની રસીદની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૯–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) વેસુ ટી.પી.ર. ફાયનલ પ્લોટ નં. ૧૪૩ના કબ્જો મેળવતી વખતે રજુ કરેલ પુરાવાઓ,અન્ય ખેડુતની સંમતિપત્રક, નકશોની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ ફાયનલ પ્લોટના કબ્જા બાબતે સુરત મહાનગપાલિકા તરફથી મંજુરીનો રીપોર્ટ, ખાતાકીય રીપોર્ટ, અરજદારને મુકેલા રજૂ કરેલા પુરાવાની નકલ આપશો. મુદ્દા નં.(૩) આ ટીપીમાં બાંધકામ અંગેની ફાઈલો રજૂ કરવામાં આવી હોય તો તેની તમામ નકલો આપશો. મુદ્દા નં.(૪) કબ્જા ફેરફાર વખતે કોઈ વાંધા અરજી આપી હોય તો તેની નકલ આપશો. મુદ્દા નં.(૫) મહાનગરપાલિકા તરફથી કઈ તારીખે કબ્જો આપવામાં આવ્યો અને જમીન ડીમાર્કેશન કરવા કયા અધિકારી/કર્મચારી ધ્વારા આપવામાં આવેલ છે જેની વિગતો રજૂ કરશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૭૨૩ તા.૧૭–૯–૧૧ થી અરજદારને તા.૨૩–૯–૧૧ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકમાં અઠવાઝોનના ડે.ઈજનેર (શહેર વિકાસ વિભાગ) સા.વે.અઠવાઝોનની કચેરીએ ઈન્સ્પેકશન કરવા માટે જણાવવામાં આવેલ. રેકર્ડ ચકાસણી દરમ્યાન જરૂરી માહિતી વિગતો નોંધી લઈ નકલ દીઠ રૂા.૨/– દસ્તાવેજી ફી પેટે ભરપાઈ કરી માહિતિની નકલ પણ તેઓ મેળવી શકે છે. જો તમો ઉકત તારીખે રૂબરૂ હાજર રહેશો નહીં તો માહિતી મેળવવામાં તેમને કોઈ રસ નથી તેમ સમજી અરજી દફતરે કરવામાં આવશે. તેવું જણાવેલ. જે મુજબ તા.૨૩–૯–૧૧ ના રોજ સાંજે ૪.૧૫ કલાકે અરજદાર હાજર રહી દરેક દફતરી નિરીક્ષણ સાંજે ૪.૩૦ કલાકથી શરૂ કરી ૫.૦૦ કલાક સુધી કરેલ. અરજદારે દફતરી નિરીક્ષણ દરમ્યાન પોતાની જરૂરીયાત મુજબની માહિતીની નકલ પાના નંગ–૫૩ તથા મંજુર પ્લાનની નકલ પાના નંગ–૧ની જરૂરી વિગત નોંધી લીધી હોય અરજદાર શ્રી આ નકલ મેળવવા માટે દસ્તાવેજી ફી રૂા.૧૭૫/– ભરવા સંમત હોય અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી આપવા તથા તે અંગેની જાણ સેકશન ઓફિસર અઠવાઝોનને કરેલ. અરજદારે અઠવાઝોન કચેરીએ રસીદ નં.૪૭૩૭૩૯ તા.૨૬–૯–૧૧ ના રોજ દસ્તાવેજી ફી રૂા.૧૭૫/– ભરેલ છે. પરંતુ જાહેર માહિતી

અધિકારી તરફથી અરજદારને નકલો પૂરી પાડેલ છે કે કેમ તે જણાતું નથી. વધુમાં અરજદારે તા.૧૪–૧૦–૧૧ ના પત્રમાં તેમણે દસ્તાવેજી ફી ભરેલ છે તે અંગેની રસીદ પણ રજૂ કરેલ છે. તેઓને ઈન્સ્પેકશન દરમ્યાન ફાઈલની નોંધ વિભાગસહ તપાસણી મળેલ છે પરંતુ તે માહિતી જોઈતી હતી તેવી કોઈ પણ માહિતી મળેલ નથી. તેઓને જે ફાઈલો બતાવામાં આવી છે તે ફાઈલોમાંથી મીસીંગ કરી અમોને બતાવવામાં આવેલ હોવાનું જણાવેલ. તેમજ ચકાસણી માટે રજૂ કરવામાં આવેલ ફાઈલોમાં ખાતાકીય કોઈ રીપોર્ટ બતાવવામાં આવેલ નથી. દફતરી ચકાસણી દરમ્યાન અમારા કુટુંબના સભ્યોના ખોટી સહી વાળુ નોટરાઈઝ સંમતિ પત્રક રેકર્ડમાં હતું તો તેવું રેકર્ડ ડોકયુમેન્ટ કોણે અને કઈ અને કેવી રીતે રજૂ કરેલ તે સ્પષ્ટ થતું ન હોઈ તેમ જણાવી ફેર ચકાસણી કરવાની પરવાનગી માંગેલ છે. તેવું જણાવેલ. તથા અપીલના આધાર તરીકે પણ સદર રજૂઆત કરેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અનુસંધાને અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડેલ.જેમાં જે નકલો તથા પેપરો માંગેલ હોય તેવા કોઈ પણ ડોકયુમેન્ટો બતાવવામાં આવેલ ન હોવાનું જણાવી અસંતોષ વ્યકત કરેલ છે. જેને અનુલક્ષી બાબત હેઠળની માહિતિના ઉપલક્ષ્યમાં આનુષાંગિક દફતર–ફાઈલોનું નોંધ વિભાગ સહિત દિન–૭ માં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભરપાઈ કરાવી અરજદારને તપાસણી પૂરી પાડવા તથા તે પશ્ચાત કોઈ નકલોની માંગણી કર્યેથી નિયત ફી ભરપાઈ કરાવી પૂરી પાડવા તથા કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)........જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતભાઈ સોમાભાઈ ઉમરીગર,